લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોના ટોલ ફ્રી નંબર અને
કામગીરીનો વિશેષ પ્રમાણમાં ઉપયોગ કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ.
પરિપત્ર ક્રમાંક–લરવ/૧૦૨૦૧૩/૧૦૯૧/હ.
સચિવાલય,ગાંધીનગર,
તારીખ- 5 FEB 2014

વંચાણમાં લીધાઃ–

૧. નિયામકશ્રી લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોનો તા.૯/૭/૧૩નો પત્ર ક્રમાંક/સમન/રેકર્ડ/ ૩૫૦/૨૦૧૩.
૨. સા.વ. વિભાગનો પરિપત્ર ક્રમાંક/કકપ/૧૦૨૦૦૪/૨૭/વસુતાપ્ર–૧/તા.૨/૪/૨૦૧૩
૩. સા.વ.વિભાગનો પરિપત્ર કમાક/કકપ/૧૦૨૦૦૪/૨૭–વસુતાપ્ર.૧,તા.૨૯/૧૦/૨૦૧૩

પરિપત્ર : –

રાજય સરકારના અધિકારી/કર્મચારીઓ તથા કેન્દ સરકારના અધિકારી/કર્મચારીઓ વિરુધ્ધ ભ્રષ્ટ્રાચાર બાબતે પગલાં લેવા માટે નિયામકશ્રી લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોને નાગરિકો રજુઆત કરી શકે છે. કોઈપણ નાગરીક જાહેર સેવકો વિરુધ્ધ લાંચીયાવૃત્તિ અંગેની ફરીયાદ નિયામકશ્રી, લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરોને રૂબરૂ અરજી મારફત / ઈ મેઈલ મારફત કે ટોલ ફ્રી ફોન મારફત અરજી/ રજુઆત કરી શકે છે. આ અંગે સંદર્ભ ક્રમાંક–૩માં દર્શાવેલ સા.વ.વિભાગના તા.૨૯/૧૦/૨૦૧૩ના પરિપત્રથી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. (નકલ સામેલ છે.)

અનુભવે એવું જાણાયુ છે કે,લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોના ટોલ ફ્રી નંબર અને કામગીરી બાબતે મોટાભાગના નાગરીકોને જાણ નથી. જેથી સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ સંદર્ભ ક્રમાંક–૩માં દર્શાવેલ પરિપત્રથી દરેક સરકારી કચેરીની બહાર વાંચી શકાય તે રીતે બ્યુરોની મુખ્ય કચેરી તથા બ્યૂરોની નજીકની કચેરીના સરનામા,ફોન નંબર, ટોલ ફ્રી નંબરનું બોર્ડ મૂકવા જણાવવામાં આવેલ છે. સદર સૂચના હોવા છતાં એ બાબત ધ્યાનમાં આવેલ છે કે પ્રસ્તુત ટોલ ફ્રી નંબર બાબતે રાજયની ઘણી કચેરીઓ ધ્વારા હજુ સુધી કાર્યવાહી કરવામાં આવી નથી. અથવા જે કાર્યવાહી કરવામાં આવે છે તેમાં ઉડીને આંખે વળગે તેવી કચેરીની જગ્યાએ મોટી સાઈઝના બોર્ડ મુકવામાં આવેલ નથી. આથી આપના તાબા હેઠળની તમામ કચેરીઓમાં બ્યુરોની ટોલ ફ્રી નંબરની કામગીરી થી નાગરીકો

C:\Documents and Settings\u1\Desktop\Prakash\Drafta.docx1

પૂરતા પ્રમાણમાં વાકેફ થાય તે માટે બ્યૂરોના ટોલ ફ્રી નંબર–૧૮૦૦ ૨૩૩ ૪૪૪૪૪, ફેકસ નંબર–૨૨૮૬૬૭૨૨, મોબાઈલનં.૯૦૯૯૯૧૧૦૫૫, Email:cr-acb-ahd@gujarat.gov.in અને વેબસાઈટ www. acb.gujarat. gov.in. નો પૂરતા પ્રમાણમાં પ્રચાર/પ્રસાર થાય તે માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

સરકારની વિભાવના મુજબ કચેરીના મુખ્ય ભાગમાં મોટી સાઈઝના ઉપરોકત વિગતો દર્શાવતું બોર્ડ મુકવા સુચના આપવા વિનંતી છે. જયારે પણ આપના ધ્વારા કોઈ પણ કચેરીનું ઈન્સ્પેકશન/ મુલાકાત લેવામાં આવે ત્યારે આ બાબતે અચુક ચકાસણી કરવા વિનંતી છે.

બીડાણ– ઉપર મુજબ.

( નિખિલ ભટ્ટ )
નાયબ સચિવ,
ગૃહ વિભાગ.

નકલ રવાના:-

– સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ,તકેદારી ભવન, સેકટર–૧૦,ગાંધીનગર.
– અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી,ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
– સચિવાલયના સર્વે વિભાગો,સચિવાલય,ગાંધીનગર.આપના નિયંત્રણ હેઠળની ખાતાના વડાની વડાની બોર્ડ,કોર્પોરેશન અને સરકારી / અર્ધ સરકારીઓને અને ક્ષેત્રિય કચેરીઓન પરિપત્રિત કરી ઉપર મુજબની વ્યવસ્થા તાત્કાલિક કરાવવા સારુ.
– નિયામકશ્રી લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો,ગુજરાત રાજય, ડફનાળા,શાહીબાગ,અમદાવાદ..
– પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,પોલીસ ભવન,ગાંધીનગર.
– તમામ કલેકટરશ્રીઓ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ આપના જીલ્લામાં આવેલ તમામ સરકારી કચેરીઓમાં સુચના આપી આ પ્રમાણે વ્યવસ્થા તાત્કાલિક કરાવવા સારુ.
–ગૃહ વિભાગનાસર્વે સંયુકતસચિવશ્રી/ નાયબ સચિવશ્રી/ઉપ સચિવશ્રી / સેકશન અધિકારીશ્રીઓ.
– ગૃહ વિભાગના સર્વે ખાતાના વડાઓની કચેરીઓ.
– ગૃહ વિભાગની તમામ શાખાઓ.
– સીલેકટ ફાઈલ.
– નાયબ સેકશન અધિકારીની સીલેકટ ફાઈલ.

ક્રમાંક:પરચ/૧૩૨૦૧૪/૨૭૨/મ.૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૧/૦૨/૨૦૧૪

પ્રતિ,

વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા / બોર્ડ / નિગમ / કૃષિ યુનિવર્સિટીઓ

ઉક્ત બાબતે જાણ તેમજ જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

સેક્શન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

C:\Documents and Settings\u1\Desktop\Prakash\Drafta.docx2

સ.મ.મુ.ગાં.(એચ)-૩૮૦-૬૦૦-૧૦-૨૦૧૩

નાગરિકોની જાણ સારુ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો
કચેરીના સરનામા, ટેલિફોન નંબર, ઇ મેલ આઇ ડી,
વેબ સાઇટની વિગતો દર્શાવતા બોર્ડ મુકવા બાબત

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક : કકપ- ૧૦૨૦૦૪/૨૭/ વસુતાપ્ર – ૧
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૯/૧૦/૨૦૧૩

વંચાણમાં લીધા :

૧. સા.વ. વિભાગનો તા. ૧૪.૦૬.૨૦૦૪નો પરિપત્ર ક્રમાંક : કકપ-૧૦૨૦૦૪/૨૭/ વસુતાપ્ર – ૧.
૨. સા.વ. વિભાગનો તા. ૦૨.૦૪.૨૦૧૩નો પરિપત્ર ક્રમાંક : કકપ-૧૦૨૦૦૪/૨૭/ વસુતાપ્ર – ૧.
૩. ગૃહ વિભાગની ફાઇલ ક્રમાંક: લરવ-૧૦૨૦૧૩/૧૦૯૧/હ પરની તા. ૧૭.૧૦.૧૩ ની દરખાસ્ત.

પરિપત્ર :

રાજયના જાહેર સેવકો દ્વારા તેઓની ફરજના ભાગરૂપે ગેરકાયદેસર રીતે મહેનતાણું મેળવવા અથવા તો તેવી કાર્યવાહી મારફત આર્થિક લાભ મેળવવાના આશયથી જો કોઇ પ્રવૃતિ કરવામાં આવતી હોય તો તે બાબત ગંભીર ગણી, આવા પ્રસંગોએ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો અને તેની ક્ષેત્રીય કચેરીઓના સરનામા, ફોન નંબર વગેરેની માહિતી નાગરિકોને સરળતાથી મળી રહે તે હેતુસર , લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો અને તેની ક્ષેત્રીય કચેરીઓના સરનામા, ફોન નંબરની વિગતો દરેક વિભાગો/કચેરીઓમાં નાગરિકો વાંચી શકે તેવા બોર્ડ યોગ્ય સ્થાને લગાવવા આ વિભાગના વંચાણમાં લીધેલ પરિપત્ર (૧) અને (૨) થી સુચના આપવામાં આવેલ છે.

વંચાણમાં લીધેલ (૨) ના પરિપત્રથી બોર્ડ ઉપરના લખાણનો મુસદ્દો આપવામાં આવેલ હતો તેમાં ફેરફાર કરી આ સાથે રાખેલ મુસદા મુજબના બોર્ડ નાગરિકોના ધ્યાનમાં સરળતાથી આવી શકે અને તેઓ સરળતાથી વાંચી શકે તે રીતે કચેરીમાં યોગ્ય જગાએ લગાવવા આથી જણાવવામાં આવે છે.

આ સાથે સામેલ લખાણના મુસદામાં લોગો બ્લેક એન્ડ વ્હાઇટ છાપેલ છે પરંતુ હવેથી દરેક કચેરીએ લાંચરૂશ્વત વિરોધી બ્યુરોની કચેરી દ્વારા તૈયાર કરાયેલ રંગમાં બોર્ડ ઉપર દર્શાવવાનો રહેશે. આ લોગોની સોફ્ટ નકલ નિયામકશ્રી, લાંચરૂશ્વત વિરોધી બ્યુરોની કચેરી, બંગલા નં-૧૭, ડફનાળા, અમદાવાદ – ૩૮૦૦૦૪ પાસેથી મેળવી લેવા જણાવવામાં આવે છે.

સચિવાલયના તમામ વિભાગોને તેમના વહીવટી નિયંત્રણ હેઠળની તમામ કચેરીઓમાં આ સુચનાનું જાહેર હિતાર્થે પાલન થાય તે જોવા વિનંતી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જી.કે.ઠાકોર)
સરકારના ઉપ સચિવ

પ્રતિ

- x મહામહિમ રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- બધા મંત્રીશ્રીઓના / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
- માન. દંડકશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
- x સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- x રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- x સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- x સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર
- x સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- x સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે કલેક્ટરશ્રી (આપના જિલ્લામાં આવેલી તમામ કચેરીઓ/ બોર્ડ/ નિગમ/ ગ્રાંટ ઇન એઇડ સંસ્થાઓને આ સુચનાની નકલ પહોંચાડવા વિનંતી)
- રાજ્યના તમામ ખાતાના વડા (આપના વહીવટી નિયંત્રણ હેઠળની તમામ કચેરીઓના અધિકારીઓ/ કર્મચારીઓને આ બાબતની સુચનાઓ આપવા વિનંતી)
- પોલીસ મહાનિર્દેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- મુખ્ય પોલીસ અધિકારી અને નિયામકશ્રી, લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- સામાન્ય વહીવટ વિભાગના તમામ અધિકારીશ્રી/ તમામ શાખાઓ
- સીલેક્ટ ફાઇલ.

x પત્ર દ્વારા

# જાહેર જનતા જોગ

કોઈપણ "જાહેર સેવક" (સરકારી વ્યક્તિ) આપની પાસે
ગેરકાયદેસર રીતે નાણાંની માંગણી કરે અથવા
ત્રાહિત વ્યક્તિ મારફતે કરાવે તો તે ગુન્હો છે.
આ માટે લાંચરુશવત વિરોધી બ્યૂરોની કચેરીનો
સંપર્ક સાધવા વિનંતી છે.

નજીકની સ્થાનિક લાંચરુશવત વિરોધી બ્યૂરોની કચેરીનું સરનામું : ____________________

____________________

____________________

ફોન નંબર : ____________________ ફેક્સ નંબર : ____________________

## લાંચરુશવત વિરોધી બ્યૂરો

નિયામકશ્રી, બંગલા નં. ૧૭, શાહીબાગ, ડફનાળા, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન નં. : ૦૭૯-૨૨૮૬૦૩૪૧, ૨૨૮૬૦૩૪૨, ૨૨૮૬૦૩૪૩
E-mail : cr-acb-ahd@gujarat.gov.in

જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/ ૩૨૧૬ /૨૦૧૪
તા.૦૫/૦૩/૨૦૧૪

કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂ :–**

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.